# શહેરમાં નવરાત્રિની તૈયારીઓ પૂરજોશમાં

**ગરબા ક્લાસોમાં અવનવા ગરબા સ્ટેપ શીખવામાં આવી રહ્યા છે : દોઢિયું, પોપટીયું, કચ્છી, રજવાડી, ફ્યુઝન સ્ટેપ, ઊંધુ દોઢિયું, ઊંધો રાસ, ત્રણ તાળી, હીંચ, સનેડો વિગેરે સ્ટેપમાં નવા-નવા સ્ટેપ ઉમેરીને મિક્સ સ્ટેપ આ વર્ષે જોવા મળશે**




ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં નવરાત્રિની તૈયારીઓ શરૂ થઈ ચકી છે. ગરબા ક્લાસમાં ખેલૈયાઓ મન મુકીને ગરબાના સ્ટેપ શીખી રહ્યા છે. નવરાત્રિમાં પહેરાતા ટ્રેડિશનલ વસ્ત્રોનો વ્યવસાય કરતા વેપારીઓએ પણ આ વખતે અવનવા સુંદર વસ્ત્રો તૈયાર કર્યા છે. નવરાત્રિના ગ્રાઉન્ડની જગ્યાઓ પર પણ અત્યારથી તૈયારીઓનો શુભારંભ થયો છે.

ગત વર્ષે કાળમુખા કોરોનાને લીધે નવરાત્રિની ઉજવણી નહોતી કરવામાં આવી. શહેરીજનોએ પોતાના ઘરે જ પૂજા-આરતી કરીને નવરાત્રિનો પર્વ ઉજવ્યો હતો. બે વર્ષના અંતે ગરબા રમવા માટે ખેલૈયાઓ થનગની રહ્યા છે ત્યારે હાલમાં ગરબા ક્લાસમાં રાસ-ગરબાની રમઝટ ચાલી રહી છે. ખેલૈયાઓ ગરબા શીખીને પરસેવે રેબઝેબ થતા જોવા મળી રહ્યા છે. જેમાં રાસ, દાંડિયા રાસ, ગોફ, મટકી, ટીપ્પણી, દોઢિયું, પોપટીયું, કચ્છી, રજવાડી, ફયુઝન સ્ટેપ્સ, ઊંધુ દોઢિયું, બોલીવુડ સોન્ગ પર વિવિધ ગરબા સ્ટેપ, સનેડો, હીંચ, બે તાલી, ત્રણ તાલી વિગેરે જેવા અવનવા ગરબાના સ્ટેપ શીખવામાં આવી રહ્યા છે. જો કે ગરબા ક્લાસમાં મોટા ભાગના ખેલૈયાઓ પાર્ટી પ્લોટમાં ગરબા રમીને ઈનામ મેળવવા માટે ગરબા શીખવા માટે જતા હોય છે. પરંતુ શહેરમાં કેટલાક ગરબા ક્લાસમાં ઈનામનો મોહ વગર પણ ગરબા શીખવા માટે ખેલૈયાઓનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નાના બાળકોથી લઈ યુવાધન મન મૂકીને ગરબે ઘૂમવા માટે પ્રેક્ટિસ કરી રહ્યા છે. આ વર્ષે પાર્ટી પ્લોટમાં ગરબા થવાના હોવાથી શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગરબા ક્લાસના સંચાલકો પણ બે માસથી વ્યસ્ત જોવા મળી રહ્યા છે. સવારથી સાંજ અલગ અલગ ગરબા બેચ ચાલી રહી છે. આ વર્ષે ગરબા શીખવા માટે ભીડ ઉમટી હોય તેવુ પણ જોવા મળી રહ્યું છે. ગુજરાતીઓનો મનપસંદ તહેવાર આ વખતે ઉત્સાહપૂર્વક ઉજવાશે તેવુ સૌ ખેલૈયાઓને લાગી રહ્યું છે.

ખેલૈયાઓ નવરાત્રિના પ્રથમ દિવસથી જ ગરબાની ધૂમ મચાવતા જોવા મળશે. ગરબા ઉપરાંત નવરાત્રિને સંલગ્ન વ્યવસાયો પણ પૂરજોશમાં આરંભાયા છે.

# ગુજરાતના ઝવેરાત, ઝવેરચંદ્ર મેઘાણી નાટક તેમજ સાંસ્કૃતિક નૃત્યો





ગાંધીનગર, તા. ૫

૫૩મા શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ, સેક્ટર-૨૨માં પાંચમા દિવસે ગુજરાતનો ઝવેરાત-ઝવેરચંદ્ર મેઘાણીના અદ્‌ભુત લેખન કાર્યને વર્ણવતું નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું જે ઉપસ્થિત રહેલા તમામ મહેમાનો તેમજ દર્શકોએ ખુબજ માણ્યુ અને બિરદાવ્યું હતું. તમામ લોકોએ નાટકના કલાકારોને ઉભા થઈને માન આપ્યું હતું. ત્યારબાદ શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રાંત આધારિત સંસ્કૃતિક નૃત્યો રજુ કરવામાં આવ્યા હતા જે જોઈ રંગમંચ ખાતે ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા દર્શકો ગદગદિત થઈ ગયા હતા. ગણેશ વંદના, ક્રિશ્ના ડાન્સ, રાજસ્થાની ડાન્સ, ટીપ્પણી ડાન્સ, પ્રાચીન ગરબો, ભરત નાટ્યમ, સ્ટુડેંટ લાઈફ ડાન્સ જેવા વિવિધ વૈવિધ્યસભર કાર્યક્રમો રજુ કર્યા હતા. ભરચક પ્રેક્ષકગણ સમક્ષ પ્રતિભાશાળી બાળકોએ અદ્‌ભુત અને એકથી એક ચડિયાતી કૃતિઓ રજુ કરીને સૌના મન મોહીને તેમની દાદ મેળવી હતી.

આ દિવસે શ્રી ગણેશદાદાની આરતી તેમજ પૂજા અર્ચના કરવા કલ્પતરૂના કમલ કિશોર જૈન, કોર્પોરેટર પોપટસિંહ ગોહિલ, ભૂપતસિંહ ગોહિલ, અણદુસિંહ ગોહિલ, ગેઝીયા (જીઆઈડીસી)ના અધ્યક્ષ મનસુખભાઈ કાશીપરા, શહેર વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, પૂર્વ અધ્યક્ષ રથયાત્રા સમિતિ તથા પૂર્વ બિન અનામત નિયામક દિનેશભાઈ કાપડીયા, રક્ષાશક્તિ યુનિવર્સિટીના ડીન તથા બ્રહ્મસમાજના ગૌરવ એવા ડિમ્પલબેન રાવલ, ગાંધીનગર સાહિત્યના અધ્યક્ષ સંજયભાઈ થોરાટ, કિસાન મોરચાના અધ્યક્ષ યુવરાજસિંહ રાણા, ટેકવોન્ડો એકેડમીના અધ્યક્ષ મિલનભાઈ ટાટરિયા, ગાંધીનગર સમાચારના સીનીયર પત્રકાર ધનંજય જોશી, અગ્રણી એડવોકેટ સમીર બ્રહ્મભટ્ટ અને સાગર બ્રહ્મભટ્ટ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. ચેતનાબેન બુચ, વૈશાલીબેન જોશી, રાકેશ જાની, મુકેશ મારૂ, મિતુલ જોશી અને વૈભવ જાનીએ કાર્યક્રમને સફળ બનાવવામાં મુખ્ય યોગદાન આપ્યું હતું.



વાવોલમાં આજે રામદેવપીરને નેજા ચઢાવવાનો કાર્યક્રમ રંગેચંગે ઉજવાયો હતો. આ પ્રસંગે યોજાયેલા ગરબામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો

## શિક્ષક ગૌરવ દિવસ નિમિત્તે આનંદાલય ગાંધીનગર દ્વારા ‘વર્તનથી પરિવર્તન’ કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

શિક્ષક ગૌરવ દિવસ નિમિત્તે આનંદાલય ગાંધીનગર દ્વારા શહેરના નિસર્સ કમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે ‘વર્તનથી પરિવર્તન’ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા બપોરના ૨ વાગ્યાથી લઈને સાંજના ૬ વાગ્યા સુધી ચાલી હતી.

આ કાર્યશાળાનું સમગ્ર સંચાલન જિલ્લા સંયોજિકા ભાવનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ સમગ્ર વ્યવસ્થાપન જિલ્લા સહસંયોજક ઉષાબેન રાજગોર અને ભરતસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યશાળામાં મુખ્ય મહેમાન તરીકે પાર્થેશભાઈ પંડ્યા જોડાયા હતા.

મહેન્દ્રભાઈ ચોટલિયા દ્વારા લિખિત લેખ ‘ઈ-સદીના માનવ-શશક્ષકનો સામર્થયયપ્રાશ’ દરેક સાધકો દ્વારા વાંચવામાં આવ્યો હતો.

આ કાર્યશાળામાં કુલ ૧૫ સાધકોએ ભાગ લીધો હતો જેમાં બી.એડ.ના તાલીમાર્થીઓ, પ્રાથમિક શિક્ષકો, આચાર્યો તેમજ શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા લોકો હતા.

# રાંધેજા પાસે બાપુનગર પદયાત્રી મંડળની ૨૧મા વર્ષે અવિરત સેવા




ગાંધીનગર, તા.૦૫

અત્યારે પાટનગરના માર્ગો પર "બોલ મારી અંબે, જય જય અંબે"નો નાદ સતત સંભળાઇ રહ્યો છે કેમકે અત્યારે ગાંધીનગરમાંથી અંબાજીના પદયાત્રિકો ખૂબ મોટી સંખ્યામાં પસાર થઈ રહ્યાં છે. આ પદયાત્રિકોની શહેરમાં અનેક સેવા કેમ્પ પર વિવિધ સેવા શહેરીજનો કરી રહ્યાં છે. ગાંધીનગરમાં રાંધેજા માર્ગ પર સતત છેલ્લાં ૨૧મા વર્ષે બાપુનગર પદયાત્રી મંડળ સેવા આપી રહ્યું છે જેમાં યાત્રિકોને શુધ્ધ ઘીના મોહનથાળ સાથે પાકું ભોજન અને ચા-કોફી-નાસ્તાંની સેવા સાથે મોબાઈલ ચાર્જિંગ સુવિધા અને યાત્રિકોને ન્હાવાં માટે ગરમ પાણી સાથે આરામ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. કેમ્પમાં સ્થાનિક મહિલાઓ અને સ્વયંસેવકો પણ સેવા આપી રહ્યાં છે. આ સાથે અહીં ફિઝિયોથેરાપી કેમ્પનું પણ પદયાત્રિકો આયોજન કરવામાં આવ્યું છે.

# પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે ડબલ એન્જિન સરકારના અભૂતપૂર્વ પગલાં

## આઝાદીના અમૃત મહોત્સ અંતર્ગત રાજ્યના ૭૫ સ્થળો પર ‘નમો વડ વન’ નિર્માણનું આયોજન

આપણે સૌ આજે બદલાતા વાતાવરણની અસરો અનુભવી રહ્યાં છીએ. ક્યારેક અતિશય ઠંડી તો ક્યારેક અતિશય ગરમી અને ક્યારેક તો અસામાન્ય વરસાદ હવે સામાન્ય બનતા જઈ રહ્યાં છે. આપણે સૌ જાણીએ છીએ કે આ બધી સમસ્યાઓના મૂળમાં ગ્લોબલ વોર્મિંગ રહેલું છે. પોતાના સ્વાર્થ માટે મનુષ્યએ પર્યાવરણને ખૂબ નુકશાન પહોંચાડ્યું છે. ક્લાયમેટ ચેન્જની સમસ્યા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં પહેલો ક્લાયમેટ ચેન્જ વિભાગ ગુજરાતમાં શરૂ કર્યો છે. આજે પણ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના સહયોગથી રાજ્યની ડબલ એન્જિન સરકાર પણ પર્યાવરણ સંવર્ધન માટે સતત સક્રિય છે,

આપણે સૌ જાણીએ છીએ કે આપણે જેટલા વધુ વૃક્ષો વાવીશું, જેટલું પર્યાવરણનું જતન કરીશું તેટલું ઝડપથી આપણે ક્લાયમેટ ચેન્જની અસરોમાંથી બહાર આવી શકીશું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર રાજ્યમાં પર્યાવરણના સંરક્ષણ માટે પગલાં લઈ રહી છે. છોડમાં રણછોડ અને પ્રાણીમાં પરમેશ્વર જોવાની પ્રકૃતિ ધરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્યમાં વૃક્ષોનું વાવેતર અને વન્ય જીવોના સંરક્ષણ સતત જાગૃત છે, તાજેતરમાં તેમના નેતૃત્વ હેઠળ રાજ્યના ૭૩મો વન મહોત્સ્વની ઉજવણી થઈ..



## ક્લાયમેટ ચેન્જની સમસ્યા માટે અલાયદો ક્લાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરનાર દેશનું ગુજરાત પ્રથમ રાજ્ય

## વૃક્ષારોપણમાં જનભાગીદારીને જોડવા દર વર્ષ વન મહોત્સવ અને સાંસ્કૃતિક વનોની રચના

## વન મહોત્સવ




પ્રતિ વર્ષ વરસાદના આગમન બાદ રાજ્ય સરકાર દ્વારા વૃક્ષારોપણમાં જન ભાગીદારી વન મહોત્સવના માધ્યમથી વધારવાનો પ્રયત્ન કરે છે. વર્ષોથી વન વિભાગ દ્વારા રાજ્યકક્ષાનો વન મહોત્સવ રાજ્યની રાજધાની એવા ગાંધીનગર ખાતે યોજાતો હતો, પરંતુ વર્ષ ૨૦૦૪ થી રાજ્યના વિવિધ વિસ્તારોના ધાર્મિક, સાંસ્કૃતિક કે પ્રવાસનીય સ્થળોને લક્ષ્યમાં લઈને અને રાજ્યનો પ્રત્યેક નાગરિક તેમાં જોડાઈ શકે તેવા નવતર અભિગમથી વન મહોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપે રાજ્યમાં વિવિધ સાંસ્કૃતિક વનોની રચના થઈ અને રાજ્યમાં અત્યાર સુધી ૨૧ સાંસ્કૃતિક વનો નિર્માણ પામ્યા છે. જેની લાખો લોકો દર વર્ષે મુલાકાત લે છે અને વૃક્ષોના ઉછેર પ્રત્યે જાગૃત થાય છે.


સરકારનું લક્ષ્ય રાજ્યના વન વિસ્તારમાં વધારો કરવાનું છે. સરકાર માટે વન વિસ્તારો ઉપરાંત વન વિસ્તારના બહારના વિસ્તારોને પણ વૃક્ષઆચ્છાદિત કરવાના ભગીરથ પ્રયત્નો થઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૧ના ફોરેસ્ટ સર્વે ઓફ ઇંડિયાના અહેવાલ મુજબ ગુજરાતમાં ૬૯ ચો.કિ.મીનો વન આચ્છાદિત વિસ્તાર (વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર) માં ૨૦૧૯ કરતા વધારો થયો છે. વર્ષ ૨૦૧૯માં કુલ વન આચ્છાદિત વિસ્તાર ૧૪૮૫૭ ચો.કી.મી હતો જે વર્ષ ૨૦૨૧ના અહેવાલ પ્રમાણે ૧૪૯૨૬ ચો.કી.મી જેટલો થયો છે. અગાઉ ૨૦૧૯ ના અહેવાલમાં ૨૦૧૭ કરતા ૧૦૦ ચો.કિ.મી નો વધારો નોંધાયો અને ૨૦૨૧ ના અહેવાલમાં ૨૦૧૯ કરતા ૬૯ ચો.કિ.મી નો વધારો નોંધાયો છે. આ માટે સાંસ્કૃતિક વનો અને સહભાગી વન વિકાસ જેવા અભિગમ ધ્વારા રાજ્યની પ્રજાને જોડીને તેની સિધ્ધી કરવા માટે ડબલ એન્જિન સરકાર સતત પ્રયત્નશીલ છે.



આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તાલુકાઓ અને ગામડાઓને આવરી લઈને વધુ ને વધુ રોપાની વાવણી થાય તેવા મહાકાર્યો હાથ ધરાયા છે. ૭૩માં વન મહોત્સવ ઉજવણી અંતર્ગત રાજ્ય સ્તરે-૧, મહાનગરપાલિકા કક્ષાએ-૮, જીલ્લા કક્ષાએ-૩૩, તાલુકા કક્ષાએ-૨૫૦ તથા ગ્રામ્યકક્ષાએ-૫૦૦૦ સ્થળોએ ઉજવણી કરવાનુ આયોજન કર્યું છે. રાજ્યની વિવિધ સ્થળોએ ઉછેર કરવામાં આવેલ વન મહોત્સવ નર્સરીઓ પરથી વિનામૂલ્યે રોપા વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેનો લાભ રાજ્યના પર્યાવરણ પ્રેમી લોકો લઈ રહ્યાં છે..

આ વર્ષે સરકાર દ્વારા વિતરણ પ્રવૃતિ હેઠળ ૧૦૦ કિસાન શિબિર યોજવાનું આયોજન, ૧૦૫ વનકુટીર, ૧૩ પંચવટી વિકાસ કેન્દ્રો, ૨૭ પવિત્ર ઉપવન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે વિસ્તરણ પ્રવૃતિ હેઠળ ૫૪૦ સ્મશાન સગડી ફાળવવાનું આયોજન, ૧૫૫૦ નિર્ધુમ ચુલા તેમજ ૩૩૦૦૦ કલમી ફળાઉ રોપાના વિતરણનું આયોજન કરવામાં આવેલ છે. સાથે જ ૭૫માં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાજયના ૭૫ સ્થળોએ "નમો વડ વન" નિર્માણનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે..

## સિંહોનું સંવર્ધન



આપણા સારણ ગીરમાં જોવા મળતા એશિયાટીક લાયન, ન માત્ર ગુજરાત પરંતુ સમગ્ર દેશનું ગૌરવ છે. આપણી રાષ્ટ્રીય મુદ્રામાં સિંહો અંકિત છે. સાથે જ ભારત દેશની શક્તિ દર્શાવતા ‘મેક ઈન ઈન્ડિયા’ કાર્યક્રમનું પ્રતિક આપણાં સિંહ છે. આ વર્ષે ગુજરાતમાં આયોજન થનાર નેશનલ ગેમ્સનું મેસ્કોટ પણ લાયન છે. આમ સોરઠના સિંહો માટે આપણો અને સમગ્ર દેશનો પ્રેમ અનન્ય છે.

આ સિંહોના સંવર્ધન માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વામાં ડબલ એન્જિન સરકાર કાર્યરત છે. રાજ્ય સરકાર દ્વારા એશિયાઇ સિંહના વસવાટવાળા વિસ્તારોમાં જરૂરીયાત પ્રમાણેના રેસ્કયુ સેન્ટરોની સ્થાપના કરવામાં આવી છે.

આ રેસ્કયુ સેન્ટરોમાં પશુ ચિકિત્સક, સારવાર માટેના અદ્યતન સાધનો, રેસ્કયુ કામગીરી માટેની સાધન સામગ્રી, વાહનોની સુવિધા કરવામાં આવેલ છે. સિંહોની સ્થળપર ત્વરીત સારવાર કરી શકાય તે માટે અદ્યતન સાધનો સાથેની લાયન એમ્બ્યુલન્સની સુવિધા કરવામાં આવી છે. સિંહો માટે સાસણ ખાતે અદ્યતન લાયન હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે. સિંહોની સુરક્ષાને અગ્રતા આપી રેકસ્યુ ટીમ, રેપીડ એકશન ટીમ, ટ્રેકર્સ અને વન્યપ્રાણી મિત્રો મોટી સંખ્યામાં કાર્યરત છે. અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ ગીર હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે. જેના દ્વારા સિંહોનું સતત નિરિક્ષણ કરવામાં આવે છે. સિંહોના આનુવાંશિક ગુણો જાળવી રાખી સિંહ પ્રજાતિના સંવર્ધન માટે સૌરાષ્ટ્રમાં રામપરા, જૂનાગઢના સક્કર બાગ, સાતવીરડા એમ ત્રણ સ્થળોએ જિનપૂલ શરૂ કરવામાં આવ્યા છે. સિંહો કે અન્ય પ્રાણીઓ જંગલમાં ફરતા ફરતા ખુલ્લા કુવામાં પડી ન જાય તે માટે ખુલ્લા કુવાની ફરતે પેરાપેટ વોલ મોટી સંખ્યામાં બાંધવામાં આવી છે અને હજુ વધુ કામગીરી ચાલુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સિંહ માટેના પ્રેમથી આપણે સહુ પરિચિત છીએ.તેમના કાર્યકાળમાં સાસણગીરમાં સિંહના પ્રવાસનને ના માત્ર વેગ મળ્યો છે પરંતુ તેની સાથે સાથે સિંહોનું સંવર્ધન પણ થયું છે. એશિયાટીક સિંહોના સંરક્ષણ માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાયન પ્રોજેકટની શરૂઆત કરી છે. સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે રૂપિયા બે હજાર કરોડની માતબર ફાળવણી પણ કરી છે..